ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આવતીકાલે ધો-૧૦નું પરિણામ

**વિદ્યાર્થીઓ અને વાલીઓની ઇન્તેજારીનો અંત : જિલ્લામાંથી ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ધો -૧૦ ના પરિણામની ઉત્તસુકતા પ્રબળ બની હતી : સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર થશે**

ગાંધીનગર તા ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ આવતીકાલે પરિણામ જાહેર કરાશે. ગાંધીનગર જિલ્લામાંથી ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની હતી. ગુરુવારે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી ધો -૧૦ નુ પરિણામ જાહેર થશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયા બાદ ધો -૧૦ ના પરિણામની ઈન્તેજારી પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પ્રબળ બની હતી ધો -૧૦ નુ પરિણામ અગાઉ જુનના પ્રથમ સપ્તાહમાં જાહેર થશે તેમ પણ મનાતુ હતુ જો કે વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે પણ સામાન્ય પ્રવાહ અને ધો -૧૦ ના પરિણામની જાહેરાત પણ મહીનાના અંત સુધીમાં કરી દેવાશે તેમ પણ બોર્ડના સુત્રોએ જણાંવ્યુ હતુ આખરે ધો -૧૦ નુ પરિણામ આગામી તા ૨૫ મેં ના રોજ જાહેર કરવાની જાહેરાત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનોં અંત આવ્યો છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા નાયબ નિયામકે આ અંગે જણાંવ્યા મુજબ પરીક્ષાનુ પરિણામ તા ૨૫ મેં ના રોજ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી જાહેર થશે. જયારે વિદ્યાર્થીઓ વોટસ એપ નં-૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાના બેઠક ક્રમાંક મોકલીને પણ પરિણામ મેળવી શકશે.

ગાંધીનગર જિલ્લામાંથી ૨૭૦૭૮ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. જયારે બોર્ડ પરીક્ષાના અંતે પેપર ચકાસણીની પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. એસ એસ સી ઉપરાંત સંસ્કૃત પ્રથમા પરીક્ષાનુ પરિણામ પણ જાહેર કરવામાં આવશે. જયારે પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓને હાર્ડ કોપીમાં ગુણપત્રક અને એસ આર નકલ દરેક શાળામાં મોકલવાની તારીખ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે જયારે આ મામલે શાળાઓને પણ સુચના આપી દેવાશે. જયારે પરિણામની જાહેરાતના અંતે ગુણ ચકાસણી અથવા દફતર ચકાસણી કરવાના કિસ્સામાં જરૂરી સુચના પણ બોર્ડની વેબસાઈટ પર જ મુકવામાં આવશે. જયારે આ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. જયારે પરિણામના અંતે નામ સુધારણાની દરખાસ્તો પણ સ્વીકારવામાં આવશે. જયારે પુરક પરીક્ષા આપવાના કિસ્સા સંબંધે પણ ઉમેદવારોની યાદી પણ પરિણામની સાથે જ શાળાઓને મોકલવામાં આવશે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની માનસી મીણાએ UPSCની પરીક્ષામાં ડંકો વગાડ્યો

**વરિષ્ઠ સનદી અધિકારી રમેશ મીણાની દીકરી માનસી મીણાએ ૭૩૮ રેન્ક મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશનએ સિવિલ સર્વિસીસ ૨૦૨૨ પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે. જેમાં રાજ્ય સરકારના સનદી અધિકારી રમેશ મીણાની દીકરી માનસી મીણાએ ૭૩૮મો રેન્ક મેળવી ગાંધીનગરમાં ડંકો વગાડ્યો છે. તેમનો દિકરો હર્ષિલ મીણા હાલમાં કેરળ કેડરમાં ગુજરાતી IAS તરીકે કાર્યરત છે.



ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં માનસીએ જમાવ્યું હતું કે હું મારા પિતાજી અને ભાઈની જેમ જ સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સમાજ માં ઉત્તમ સેવા પ્રદાન કરવા માંગે છે. મે B.A.L.L.Bનો અભ્યાસ હૈદરાબાદ ખાતે કરેલ છે અને છેલ્લા સેમ.માં હતી ત્યારથી જ મે UPSCની તૈયારી શરૂ કરી દીધી હતી. કોરોનાકાળ દરમિયાન મે ઓનલાઈન માધ્યમ દ્વારા દિલ્હી ખાતે સિવિલ સર્વિસના ક્લાસ જોઈન કર્યા હતા. મારો મેઈન વિષય સોસ્યોલોજી છે. આ વિષય મે ૩ થી ૪ મહિનામાં જ ક્લીઅર કરી દિધો હતો. ત્યાર બાદ મે પેપર પ્રેક્ટિસ પર વધારે ધ્યાન આપ્યું હતું. હું પ્રિલીમ્સ વખતે ૮ થી ૧૦ કલાક વાંચન કરતી હતી. જ્યારે મેઈન વખતે ૧૩ કલાક થી વધુનો સમય વાંચનમાં જતો હતો. મે આ દોઠ વર્ષમાં માત્ર અભ્યાસ ઉપર જ ધ્યાન આપ્યું હતું. મારા માટે સિવિલ સર્વિસની પરીક્ષા ખૂબ મહત્વની હતી તેથી મે ખૂબ મહેનત અને લગન થી તૈયારી કરી હતી. આગામી રવિવારે પણ હું UPSCની પરીક્ષા આપવાની છું. મારે હજુ સારો રેન્ક મેળવવો છે.

### ગુજરાતના સફળ થનાર ઉમેદવારો

૧. ચિંતન દુધેલા
૨. નયન સોલંકી
૩. ઉત્સવ જોગાણી
૪. અતુલ ત્યાગી
૫. કાર્તિકેય કુમાર
૬. ચંદ્રેશ શંખલા
૭. આદિત્ય અમરાની
૮. કેયુર પારઘી
૯. મૌસમ મહેતા
૧૦. ભાવનાબેન વઢેર
૧૧. માનસી મીણા
૧૨. મયુર પરમાર
૧૩. દુષ્યંત ભેડા
૧૪. પ્રણવ ગૈરોલા
૧૫. વિષ્ણુ
૧૬. કૌશીક માંગેરા

### મારા ભાઈ અને પિતા નો ખૂબ સપોર્ટ રહ્યો :

માત્ર દોઢ વર્ષ ની તૈયારી કરીને પ્રથમ ટ્રાય માં ઉત્તીર્ણ થયેલ માનસી ને તેમના ભાઈ એ પરીક્ષા માં સફળ થવા માટે ખૂબ મોટીવેટ કર્યા હતા તો વ્હાલી દીકરીને પિતા દ્વારા અભ્યાસ દરમિયાન દરેક રીતે સાથ સહકાર અપાયો હતો. માનસીના મમ્મી એ ઈમોશનલી સપોર્ટ કર્યો હતો જેમાં કોરોના કાળ દરમિયાન તેણીની અભ્યાસ માં કોઈ ચૂક ના આવે તે માટે ખૂબ કાળજી રાખી હતી.

### પ્રથમ ટ્રાયલ માં સફળતા કઈ રીતે મળી?

UPSC પરીક્ષાને દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. દર વર્ષે લાખો ઉમેદવારો આ પરીક્ષા માટે તૈયારી કરે છે. જેમાંથી ઘણા ઓછાને આમાં સફળતાં મળે છે. હું માનું છું કે પરીક્ષા ની તૈયારી માટે consistency હોવી ખૂબ જરૂરી છે. મારી સફળતા પાછળ મારી consistency જવાબદાર છે.

**આટલા ઉમેદવારોની પસંદગી :** UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાના અંતિમ પરિણામમાં કુલ ૯૩૩ ઉમેદવારોની નિમણૂક માટે પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૩૪૫ ઉમેદવારો બિનઅનામત છે, ૯૯ EWSમાંથી, ૨૬૩ OBCમાંથી, ૧૫૪ SC અને ૭૨ ST કેટેગરીના છે.

## છેલ્લા એક માસમાં ૩ નાના ભૂલકાંને હૃદયની બિમારી

**જિલ્લામાં ૪ને કિડનીની બિમારી જણાઈ : શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન હૃદયની ગંભીર બિમારી ધરાવતા ૬૩ બાળકો શોધાયા : તંત્રની સતર્કતાએ ભૂલકાંઓને સારવાર માટે રિફર કર્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આર.બી.એસ.કે.ની ટીમોએ છેલ્લા એક માસમાં ૩ નાના ભૂલકાંઓ હૃદયની બિમારી ધરાવતા શોધી કાઢ્યા છે જેમને સારવાર માટે રિફર કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે બે બાળકો બે મહિનાની આયુ ધરાવે છે જ્યારે ૧ બાળક ૧ માસની આયુ ધરાવતુ મળી આવેલ છે.

જિલ્લામાં આ વર્ષે શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન હૃદયની ગંભીર બિમારી ધરાવતા ૬૩ બાળકો શોધાયા છે જેમાં ચાલુ મહિને ૯ જેટલા બાળકોને ટીમે શોધી કાઢ્યા છે. કિડનીની બિમારી ધરાવતા ૪ બાળકો આ મહિને મળ્યા છે.

આમ ગાંધીનગરનું બાળપણ બિમાર જોવા મળી રહ્યુ છે. નાના ભૂલકાંઓને હૃદય અને કિડનીની બિમારી જોવા મળી રહી છે જે ખરેખર ચિંતાનો વિષય છે.

જિલ્લામાં આરોગ્યની સેવાઓને ગુણવત્તાસભર બનાવવાની સાથે સઘનીકરણ જે કરવામાં આવી રહ્યુ છે તેમાં આ સામાજિક ચિંતા બહાર આવી છે. કુપોષણની સમસ્યા પછી આ ગંભીર બિમારી ધરાવતા બાળકો એ ચિંતાનો મુદ્દો બનીને ઉભરી આવ્યો છે.

**આયોજન મંડળે આપેલી મંજૂરી પછી**

## બે વર્ષથી સૂચવાયેલા એક હજારથી વધુ કામો અંગે કલેક્ટરે કડક તાકીદ કરી

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લામાં હાથ ધરાયેલા વિકાસ કામો જે છેલ્લા બે વર્ષથી પ્રગતિ હેઠળ છે તે તાકીદે પૂરા કરવા માટે કલેક્ટર હિતેશ કોયાએ આજે કડક સૂચનાઓ આપી છે.

આયોજન મંડળના વિકાસકામો અંગે આજે યોજેલી સમીક્ષા બેઠકમાં તેમણે તંત્ર દ્વારા સમય-મર્યાદામાં કામો પૂર્ણ ન થયા હોવાને લઈ નારાજગી પણ વ્યક્ત કરી હતી.

વર્ષ-૨૦૨૧-૨૨માં સૂચવવામાં આવેલ ૩૭૬ કામો હજુ પ્રગતિ હેઠળ હોવાનું જણાતાં તેમણે આ કામો બે માસમાં જ પૂર્ણ કરવામાં આવે તેમ સ્પષ્ટ જણાવ્યુ હતુ. ૨૧-૨૨માં ૧૨૫૩ કામો સૂચવવામાં આવ્યા હતા જેમાંથી ૮૬૪ જેટલા કામો પૂર્ણ થઈ ગયા છે.

જિલ્લા કલેક્ટરે ૨૦૨૨-૨૩ના વર્ષમાં સૂચવવામાં આવેલા ૨૨૦૦થી વધુ કામો પૈકી ૬૧૩થી વધુ કામો પ્રગતિ હેઠળ હોવાનું સમીક્ષા દરમ્યાન જણાતાં તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે આવી ધીમી ગતિ ચલાવી શકાય નહિ.

વર્ષમાં સૂચવાયેલા ૩૦ જેટલા કામો તો હજુ શરૂ પણ થયા નથી તેથી તેઓ ચોંકી ઉઠ્યા હતા તેમણે એક સપ્તાહમાં જ આ કામો શરૂ કરી દેવામાં આવે તેમ સ્પષ્ટ શબ્દોમાં અધિકારીઓને જણાવ્યુ હતુ.

ચાલુ નાણાંકીય વર્ષની અંદર સૂચવવામાં આવેલ કામો અંગે તેમણે જણાવ્યુ હતુ કે ૭૦ ટકા કામોને વહીવટીય મંજૂરી આપી દેવામાં આવી છે ત્યારે બાકી રહેલા કામોના નકશા-અંદાજો પણ ત્વરિત મોકલી આપવામાં આવે. આયોજન મંડળના વિકાસ કામો તેની સમય મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ થાય તેના પર ખાસ ભાર મુક્યો હતો.

સમીક્ષા બેઠક દરમ્યાન કલેક્ટરે અધિકારીઓને અમલીકરણ માટે સઘન મોનીટીંગ કરવામાં આવે તેમજ પખવાડિક સમીક્ષા બેઠક કરી સમય-મર્યાદાનું પાલન થાય તે જરૂરી હોવાનું જણાવ્યુ હતુ.

જીઓ ટેગીંગની કામગીરી પણ ૧૫ જૂન સુધીમાં પૂર્ણ થાય તે માટે તેમણે કડક સૂચનાઓ આપી હતી. કામ શરૂ થયા પહેલાના ફોટા, કામ ચાલુ થયા તેના ફોટા

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી ૨.૦ના પ્રથમ દિવસે બેંકોમાં લાઈનો લાગવાની અપેક્ષા ખોટી ઠરી..!!

**નોટ બદલવા હજુ પુરતો સમય હોવા સાથે નોટની કાયદેસરતા ચાલુ હોવાથી નાગરિકોએ હળવાશ રાખી : જે નાગરિકો નોટ બદલાવવા ગયાં તેમને બેંક મુજબ અલગ અલગ અનુભવ થયાં : એસબીઆઇએ સરળતાથી નોટ બદલી આપી જ્યારે અન્ય બેંકોએ ફોર્મ ભરાવ્યાં**

ગાંધીનગર, તા. ૨૩

મોદી સરકારે ફરી એકવાર નોટબંધી કરી છે જેમાં આ વખતે રૂ.૨ હજારની કરન્સી નોટને ચલણમાંથી પરત ખેંચવાનો નિર્ણય કરાયો છે અને નાગરિકોને બે હજારની નોટ બદલવા તા.૩૦મી સપ્ટેમ્બર સુધીનો સમય જાહેર કરાયો છે જે માટેની પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. આજે રૂ.૨ હજારની નોટ સરકારને પરત કરવાનો પ્રથમ દિવસ હતો જેમાં અગાઉની નોટબંધીના અનુભવને પગલે બેંકોમાં લાંબી લાઈનો લાગશે તેવી અપેક્ષા હતી પરંતુ તેવું બન્યું નથી.જોકે શહેરમાં જે નાગરિકો રૂ.૨ હજારની નોટ બદલવા વિવિધ બેંકોમાં ગયાં તેમને અલગ અલગ અનુભવ થયાં હતા જેમાં એસબીઆઈમાં કોઈપણ મગજમારી વગર જ સરળતાથી નોટ બદલી આપવામાં આવી હતી જ્યારે અન્ય બેંકમાં નોટ બદલવા માટે ફોર્મ ભરવાની પ્રકીયામાંથી પસાર થવું પડ્યું હતુ.

**એક જ કાર્ય માટે અલગ અલગ બેંકમાં અલગ અલગ પ્રક્રિયા કેમ? જ્યાં એસબીઆઇ બેંકમાં સરળતાથી નોટ બદલાવી ત્યાં તેમને સમયનો બચાવ થયો હતો જ્યારે અન્ય બેંકમાં જ્યાં તેમને નોટ બદલવા ફોર્મ ભરાવાયું ત્યાં તેમને ઘણો સમય લાગ્યો હતો**

આજે નોટબંધી ૨.૦નો પ્રથમ દિવસ હતો અને શહેરની બેંકોમાં રૂ.૨ હજારની નોટો બદલવા માટે લાઈનો લાગશે તેવી અપેક્ષાઓ સેવાઈ રહી હતી. જોકે આ વખતે નોટ બદલવા માટે આરબીઆઈ દ્વારા તા.૩૦મી સપ્ટેમ્બર સુધીનો સમય અપાયો છે અને તે સાથે સાથે ૨ હજારની નોટની કાયદેસરતા ત્યાં સુધી ચાલું રહેશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હોવાથી નાગરિકોએ અપેક્ષાથી વિરુદ્ધ બેંકોમાં ભીડ જમાવવાનું મુનાસીબ માન્યું નહોતું.

જોકે આજે કેટલાંક નાગરિકો પોતાની પાસેની રૂ.૨ હજારની બેંકોમાં ગયાં હતા જેમાં નાગરિકોને અલગ અલગ બેંકમાં અલગ અલગ અનુભવ થયાં હતાં.

એક નાગરિક જ્યારે આજે તેમની પાસેની રૂ.૨ હજારની ૨૦ નંગ નોટ બદલવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં પંહોચ્યાં હતા જેમને સરળતાથી બેંક દ્વારા નોટ બદલી આપવામાં આવી હતી અને તે માટે કોઈ ફોર્મ ભરાવાયું નહોતું. આ વ્યક્તિ પાસે રૂ.૨ હજારની અન્ય નોટ હતી જેને બદલવા તેઓ અન્ય રાષ્ટ્રીયકૃત બેંકમાં ગયાં હતા જ્યાં તેમને નોટ બદલવા માટે ફરજિયાતપણે એક ફોર્મ ભરાવાયું હતું તેમજ આ ફોર્મ સાથે નાગરિકના અધાર કાર્ડની ફોટોકોપી પણ એટેચ કરવી જરૂરી હોવાની પ્રકીયા કરાવવામાં આવી હતી. આ કારણે પેલા નાગરિકને આશ્ચર્ય થયું હતું કે એક જ કાર્ય માટે અલગ અલગ બેંકમાં અલગ અલગ પ્રક્રિયા કેમ? જ્યાં એસબીઆઈ બેંકમાં સરળતાથી નોટ બદલાવી ત્યાં તેમને સમયનો બચાવ થયો હતો જ્યારે અન્ય બેંકમાં જ્યાં તેમને નોટ બદલવા ફોર્મ ભરાવાયું ત્યાં તેમને ઘણો સમય લાગ્યો હતો. આ પ્રકારના અનુભવ શહેરના અન્ય નાગરિકોને પણ થવાં પામ્યાં હતાં.

## ચ-માર્ગ પર ફુટપાથનુ લેવલીંગ કરવા માટે આખરે કામ હાથ ધરાયુ

**વરસાદી પાણીના નિકાલ ઉપરાંત પાણી ગટરની નવી લાઇનના ખોદકામના લીધે ઠેર ઠેર ફુટપાથમાં ભંગાણ જોવા મળે છે. અનેક ઠેકાણે વોક વે જમીનમાં બેસી જતા નાગરિકોને હાલાકી : ખોદકામના લીધે ફુટપાથનુ નેટવર્ક ચિથરેહાલ : શહેરમાં સર્વેના અંતે ફુટપાથ રીપેરીંગનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગણી**



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં ફુટપાથનુ નેટવર્ક અંદાજિત ૯૫ કી મી માં પથરાયેલુ છે. જયારે છેલ્લા પાંચ વર્ષમાં અનેકવિધ પ્રકારની ખોદકામગીરીના લીધે ફુટપાથ ચિથરેહાલ છે. વાઈબ્રન્ટ સમિટના આયોજનના અભાવે પણ સમયાંતરે ફુટપાથની દરકાર કરવાની કામગીરી ઠપ્પ થઇ ગઇ છે. જયારે પાણી ગટરની લાઇન નાંખવાની કામગીરી દરમિયાન પણ ફુટપાથમાં અનેક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. યોગ્ય પુરાણના અભાવે ફુટપાથ ઘણાં ઠેકાણે જમીનમાં બેસી ગઇ છે. શહેરના ચ માર્ગ પર ફુટપાથ બેસી જતા આખરે તંત્ર દ્વારા વોક વે ના લેવલીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં ફુટપાથનુ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે. ત્રણ વર્ષ અગાઉ કોર્પોરેશન દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ ત્યારે શહેરના મોટાભાગના વિસ્તારમાં ફુટપાથ જમીનમાં ગરકાવ થઇ ગઇ હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી જયારે ફુટપાથ પરના બ્લોકસ પણ વેરવિખેર થયેલા જોવા મળતા હતા જયારે હજુ પણ શહેરમાં ઘણાં ઠેકાણે ફુટપાથ તુટેલી અને જમીનમાં બેસી ગયેલી હાલતમાં જોવા મળે છે. એકબાજુ તંત્ર દ્વારા લાંબા સમયથી ફુટપાથની દરકાર લેવામાં આવી નથી જયારે બીજીતરફ સ્માર્ટ સીટીમાં એક યા બીજા કામને અનુલક્ષી હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે ઠેર ઠેર ફુટપાથમાં ગાબડા જોવા મળે છે. ઘણાં ઠેકાણે વોક વે જમીનમાં બેસી ગયો હોય તેવી સ્થિતિ પણ છે. આ ઉપરાંત સેકટરવાસીઓ પણ મુખ્ય માર્ગ પર નિકળવા માટે ફુટપાથ પરથી શોર્ટ કટસ કાઢતા સેકટરોના એપ્રોચ પાસેની ફુટપાથ પર વાહનો પણ દોડતા જોવા મળે છે. જયારે વાહે તહેવારે કાર્યક્રમના હોર્ડીંગ્સ પણ બ્લોક નિકાળી ફુટપાથ પર ખોપી દેવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી ફુટપાથનુ નેટવર્ક વેરણછેરણ હાલતમાં છે. ઘણાં ઠેકાણે વોકીંગ કરનારાઓ ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. છેલ્લા ઘણાં સમયથી વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવ્યુ નથી જેના લીધે ફુટપાથની જાળવણીનુ કામ આમ પણ હાથ ધરવામાં આવ્યુ નથી શહેરમાં મુખ્ય માર્ગો સહીત સેકટરોના એપ્રોચ આસપાસના વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક અંદાજિત ૯૫ કી મી જેટલુ છે. જયારે આ વોક વે તૈયાર કરવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના રૂટમાં ફુટપાથ તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ તબક્કવાર ફુટપાથનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. વરસાદી પાણીના નિકાલની લાઈન , તેમજ પાણી ગટર સહીતની અનેક ખોદકામગીરીના લીધે શહેરમાં ફુટપાથનુ નેટવર્ક મરણપથારીએ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં વોક વે ના ગાબડા પુરવા માટે પણ અનેકવાર રજુઆતો થાય છે. હાલ શહેરના ચ- ૩ થી ચ- ૫ વિસ્તારમાં ઘણાં ઠેકાણે ફુટપાથ બેસી ગઇ હોવાથી તંત્ર દ્વારા વોક વે ને અનુલક્ષીને યોગ્ય માટી પુરાણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ફુટપાથના નેટવર્કને અનુલક્ષી તંત્રએ અભ્યાસ હાથ ધરી સમગ્ર શહેરમાં વોક વે ની જાળવણીનુ કામ હાથ ધરવુ જોઈએ તેવી લાગણી પણ પ્રબળ બની છે.




## બે મહિનાથી લોકાર્પણના અભાવે રક્ષાશકિત ઓવરબ્રિજ સેલ્ફી માટે હોટ ફેવરીટ

**રક્ષાશકિત બ્રિજના નિર્માણમાં રૂ ૫૨ કરોડનો ખર્ચ કરાયો છે : લાંબા સમયથી બ્રિજનુ લોકાર્પણ ન થતા હજુ સુધી લોકઉપયોગી બન્યો નથી**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર અમદાવાદ વચ્ચે જોડાયેલા રોડ નેટવર્કને અનુલક્ષી તબક્કાવાર વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. હાલ એપોલો સર્કલ પર કેબલ સ્ટેડ બ્રિજ બનાવામાં આવી રહ્યો છે. જયારે બીજીતરફ છેલ્લા બે મહીનાથી તૈયાર રક્ષા શકિત બ્રિજ હજુ લોકાર્પણના અભાવે લોક ઉપયોગી બન્યો નથી રક્ષા શકિત સર્કલ પર બ્રિજ તૈયાર કરવા અંદાજિત રૂ ૫૨ કરોડનો ખર્ચ કરાયો છે. જયારે હાલ ઉપયોગના અભાવે આ બ્રિજ સેલ્ફી માટે હોટ ફેવરીટ પોઈન્ટ બન્યો છે.

ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા દોઢ દાયકામાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com